**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૮૩ ટકા

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા શર્મિષ્ઠાબેન ચેતનભાઈ રાવલના નિવાસસ્થાન 1AA/4, ગ્રીનસીટી ખાતે રાત્રે ૯ થી ૧૦ શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા પ્રદિપભાઈ દવેના નિવાસસ્થાન બ્લોક નં. ૧૦૪, દેવ ગ્રીન્સ ફલેટ, પેથાપુર ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા ડૉ.જય ઓઝાના નિવાસસ્થાન ૧૫૨, સહકાર કોલોની સે-૨૫ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવરૂદ્રાભિષેક તથા શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● શ્રીરંગ અવધૂત પરિવાર ખાતે રાત્રે ૮.૧૫ કલાકે દિલીપભાઈ પટેલ દ્વારા લઘુરૂદ્ર યોજાશે.

● ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સે-૨૨ જૈન દેરાસર ખાતે સવારે ૮.૪૫ વાગ્યે અષ્ટાન્હિકા પ્રવચન યોજાશે.

### ચક્ષુદાન

ગાંધીનગર સે-૩ના નિવાસી ૭૭ વર્ષીય સ્વ. ભારતીબેન એચ. જાધાનીનું અવસાન થતા તેમના કુટુંબીજન બીંદુ સી. પટેલની સંમતિથી ચક્ષુદાન લેવામાં આવ્યું હતું. જેમાં ડૉ. વેલુ, ડૉ. પ્રિયંકા તેમજ જુસીકાના કાર્યકર રાજુ વાઘેલા દ્વારા સેવા પુરી પાડવામાં આવી હતી.

### દેહદાન

ગાંધીનગર સે-૧ના નિવાસી ૧૦૪ વર્ષીય રતનબેન શિવરામ પટેલનું અવસાન થતા તેમના કુટુંબીજન એન.એસ. પટેલની સંમતિથી દેહદાન લેવામાં આવ્યું હતું. દેહદાન ગાંધીનગર મેડીકલ કોલેજને કરવામાં આવ્યું હતું. જેમાં મેડીકલ કોલેજના ડૉ. હીરેન ચાવડા સમગ્ર સ્ટાફ તથા જુસીકાના કાર્યકર ગણપતભાઈ મકવાણા, શુભમ શાહ, હીતેષ રાવલ તથા ડી.એમ. પરમાર દ્વારા સેવા પુરી પાડવામાં આવી હતી.

# શહેરમાં ડેન્ગ્યુના રોગચાળાએ માથુ ઉંચકયું

## સેકટરોમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનોને સમયસર ડામવામાં ન આવતા મેલેરિયા ડેન્ગ્યુ સહિત અન્ય વાઈરલ ફિવરનો રોગચાળો બેકાબુ બનવાની સ્થિતિ : મચ્છરજન્ય રોગચાળાની સાથે કમળો અને ટાઈફોઈડ જેવા પાણીજન્ય રોગ પણ માથુ ઊંચકી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૭

વરસાદી મોસમમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ વર્તાઈ રહ્યું છે ત્યારે શહેરમાં રોગચાળાએ માઝા મુકી છે. શહેરીજનોમાં વાઈરલ તાવ, માથાનો દુઃખાવો, શરદી, ખાંસી સાથે ડેન્ગ્યુ, મેલેરીયા જેવા રોગોનું પ્રમાણ વધ્યુ છે. શહેરમાં મચ્છરોનું પ્રમાણ પણ વધ્યું છે જે રોગચાળો ફેલાવવાનું મુખ્ય કારણ છે. શહેરના દવાખાના તથા લેબોરેટરીમાં ભીડ જામી છે.

શહેરમાં વરસાદનું પ્રમાણ એકાંતરે વધતું-ઘટતું જાય છે ત્યારે મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે. ભરાયેલા પાણીના ખાબોચિયામાં મચ્છરોનું બ્રિડીંગ થાય છે જેને લીધે રોગચાળો ફેલાય છે. આ ઉપરાંત ખુલ્લા પાણીના કુંડા, રેફ્રીજરેટરનું પાણી, બિલ્ડીંગ સાઈટ પર ભરાઈ જતા પાણીને લીધે પણ મચ્છરોનું પ્રમાણ વધ્યું છે. જેને કારણે ખાસ ડેન્ગ્યુના કેસ દિન પ્રતિદિન વધી રહ્યા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આ ઉપરાંત ગંદા પાણીથી થતા રોગ કમળો અને ટાઈફોઈડના કેસ પણ વધી રહ્યા છે. આમ મચ્છરજન્ય રોગ સાથે ગંદા પાણીથી થતા રોગથી શહેરીજનો પરેશાન છે.

શહેરના જાણીતા તબીબ દ્વારા જણાવાયું છે કે શહેરમાં વાતાવરણ ભેજવાળુ હોવાથી મચ્છર અને વાઈરસનો ઉપદ્રવ વધુ થાય છે. મચ્છરથી મેલેરીયા, વાઈરલ અને ડેન્ગ્યુ જેવા રોગો ફેલાય છે જે ડિટેકટ થઈ શકે છે એ સિવાયના રોગનું ડિટેકશન થતું નથી પણ તે રોગ થવા માટે મચ્છર જ જવાબદાર છે. નગરજનો સ્હેજ તાવ આવે ને તકલીફ અને ટેન્શનમાં આવી જતા હોય છે તેમણે બે દિવસ રાહ જોવી જોઈએ વિટામીન-સી અને પેરાસીટામોલ લઈ લેવી અને છતાંય તાવ ન મટે તો તે સાદો તાવ ન કહેવાય. પેશન્ટે રાહ જોયા વગર ડોકટરને બતાવી દેવું જોઈએ તાવના ત્રીજા દિવસે સીબીસી, એનએસ, એન્ટીજન કરાવી લેવું જોઈએ.

શહેરની એક લેબોરેટરીમાં તપાસ કરતા જાણવા મળ્યું છે કે છેલ્લા વીસેક દિવસમાં ૬૦૦ જેટલા ટેસ્ટ થયા છે જેમાં પચાસ ટકા પોઝીટીવ ડેન્ગ્યુના કેસ છે અને બાકીનામાં મેલેરિયા અને સાદો વાયરલ થયો હોય તેમ જણાયું છે.

### ડેન્ગ્યુ ટેસ્ટની પધ્ધતિ

● આમ તો સૌથી વધુ ડેન્ગ્યુ ટેસ્ટ કાર્ડ ટેસ્ટથી થાય છે પરંતુ દર્દીએ સરકાર માન્ય એલાયઝા ટેસ્ટનો જ આગ્રહ રાખવો જોઈએ.

### મચ્છર થવાના કારણો અને અટકાવવાના ઉપાયો

● ભેજવાળા વાતાવરણમાં મચ્છરનું બ્રિડીંગ વધુ થાય છે આ વરસાદી સિઝનને લીધે મચ્છરનો ઉપદ્રવ વધુ થશે જ. પણ એવી દરેક જગ્યાઓને સાફ રાખવી.

● ઘરમાં રહેલા ફ્રીઝમાં મચ્છરનું બ્રિડીંગ વધુ થાય છે. ફ્રીઝને સાફ રાખવું.

● છોડના કુંડામાં મચ્છર ઉત્પન્ન થાય છે કૂંડાને સાફ રાખવાં.

● પાણીની ટાંકી સાફ રાખવી.

● અઠવાડિયા દસ દિવસમાં મચ્છરનું બ્રિડીંગ વધુ થાય છે જેથી જયાં પાણી ભરાયા હોય તે જગ્યા જલ્દીથી સાફ થાય તેનો આગ્રહ રાખવો.

● બને તો ઘરની આસપાસ જંતુનાશક દવાનો છંટકાવ કરાવવો.

● આખી બાંયના જ કપડા પહેરવાં.

● તાવ જેવું લાગે તો બે દિવસ વિટામીન સી અથવા પેરાસીટામોલ લેવી છતાંય ન મટે તો ડૉકટર પાસે જવું.



# કલરવ દ્વારા સેબલ પાણીનો કુદરતી સૌંદર્યથી ભરપુર પ્રવાસ યોજાયો



ગાંધીનગર, તા.૨૭

બાળ પ્રવૃત્તિઓને ઉત્તેજન આપતી સક્રિય સંસ્થા કલરવ છેલ્લા ૧૨ વર્ષથી ૭ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોની સુષુપ્ત શકિતઓને ખીલવવા ઉચિત તક ઉભી કરે છે. આ વર્ષે આનંદ, મોજ મસ્તી સહિતના હેતુથી કલરવના બાળકોને બનાસકાંઠા જિલ્લામાં આવેલ સેબલપાણીની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.

યાત્રાધામ અંબાજીથી ૧૦ કિલોમીટર દૂર આવેલ આ સ્થળ અરવલ્લી પર્વતમાળામાં કુદરતી સૌંદર્યથી ભરપૂર છે. ચારેક કલાકની સફર બાદ, લોકનિકેતન આશ્રમશાળા સેબલપાણીના સંચાલક કિરણ ચાવડા દ્વારા બાળકોને નાસ્તો-પાણી આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આસપાસના અનેક પહાડો પૈકી કણજેલા નામનો પર્વત જે આદિવાસીઓ માટે મોમ્માદેવીનું સ્થાનક ગણાય છે ત્યાં પહોંચવા બાળકોએ સ્થાનિક ગાઈડ નાનજીભાઈ સાથે કપરૂ ટ્રેકિંગ શરૂ કર્યું હતું. આ ટ્રેક દરમિયાન આશ્રમશાળાના કિરણભાઈ, પરેશભાઈ, હરપાલસિંહ અને ઉત્તમસિંહે મુશ્કેલ રસ્તાઓ ઓળંગવામાં બાળમિત્રોનો ઉત્સાહ વધાર્યો હતો.

બીજા હિસ્સામાં બાળકોએ ટ્રેક પુરો કરીને પારેવા પાણીના નામે જાણીતા વહેતા ઝરણાના કુદરતી ધોધને નિહાળ્યો હતો. કલરવના પ્રમુખ કમલ જૈનના નેજા હેઠળ સક્રિય કાર્યકર્તાઓ આશા સરવૈયા, વર્ષા પારેખ, ઉર્મિલ વૈદ્ય, ઉમા ભટ્ટ, ભાવેશ એરડા, કલ્પના ઠાકર, કાલિંદી પટેલ, ગોપી વેદ, નરેશ ઠાકર, ડૉ. પિયુષ દવેનો મહત્વનો ફાળો રહ્યો હતો.

# જૈનોના પર્યુષણમાં વૈશ્વિક સમસ્યા માટેનો ઉપાય : જૈનાચાર્ય ઉદયવલ્લભસૂરિ

ગાંધીનગર, તા.૨૭

'વર્તમાન સદીના ફઈબા બનીને જો તેનું નામકરણ કરવું હોય તો બેધડકપણે તેને 'સમસ્યાની સદી'નું સંબોધન આપી શકાય. આંખો મીચીને થતા વિકાસની આડશમાં એ દેખાતું નથી કે એ કોના ભોગે થઈ રહ્યો છે. પરિણામે પાંચ ગ્લોબલ અસમતુલા વિશ્વને ઘમરોળી રહી છે. આ અસમતુલાઓમાં પર્યાવરણીય અસમતુલા, સામાજિક અસમતુલા, શારીરિક અસમતુલા, શારીરિક અસમતુલા અને આધ્યાત્મિક અસમતુલા વગેરેનો સમાવેશ થાય છે.'

જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસૂરિ મ.સા.એ જણાવ્યું હતું કે, 'જૈન પર્વ પર્યુષણ દરેકને પાંચ કર્તવ્યોનો સંદેશ આપવા દ્વારા આ પાંચેય સમસ્યાઓનું નિરાકરણ કરે છે. પ્રથમ કર્તવ્ય 'અહિંસાનું પરાવર્તન' દ્વારા પ્રાણી હત્યા અટકાવવાથી, મુખ્ય રીતે તેનાથી સર્જાતી પર્યાવરણીય સમસ્યા અંકુશમાં આવે છે. બીજા કર્તવ્યરૂપે સધાર્મિકોની ભકિત કરવાથી સામાજિક અસમતુલા ઘટે છે. ત્રીજા કર્તવ્યમાં પરસ્પર ક્ષમાપના કરવાથી માનસિક સંતાપ ઘટવાથી અસંતુલન અટકે છે.'



ગાંધીનગર, સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે બિરાજમાન જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસૂરિ મ.સા.એ 'ક્ષમા ધર્મ'ને આધ્યાત્મિક કોર્ટરૂમ ગણાવતા કહ્યું હતું કે, 'વર્ષે હજારો કેસોનો નિકાલ 'મિચ્છામિ દુક્કડમ્'ના જાદૂથી થાય છે. અઠ્ઠમતપનું ચોથું કર્તવ્ય તપનો રસ પ્રગટાવીને શારીરિક અસંતુલન હટાવે છે. જીવનમાં કામ, ક્રોધ, ક્રૂરતા જેવા કેટલાય દોષો ઘર કરી જાય છે ત્યારે આ આધ્યાત્મિક સમસ્યાઓને દૂર કરવા પર્યુષણ, ચૈત્યપરિપાટી, જિનભક્તિનું માધ્યમ પાંચમા કર્તવ્યરૂપે દર્શાવીને તેના નિકાલનો ઉપાય બતાવે છે. ધર્મએ અપીડાકારી રીતે જીવન જીવવાની પધ્ધતિ છે. એ રીતે જીવન જીવતા વૈશ્વિક સમસ્યાઓ હળવી બને છે. ધર્મથી દૂર જવાના અંજામ નજર સમક્ષ છે.'




ગાયત્રી મંદિર સે-૧ ખાતે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો. જેમાં નાના બાળકો દ્વારા કૃષ્ણ જીવન ચરિત્ર પર વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં રાસ ગરબા, કૃષ્ણ નૃત્યનાટિકા, શિવ તાંડવ તથા મટકી ફોડનો કાર્યક્રમ યોજાયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પૂજન કલાસીસ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રજ્ઞાબેન ગજ્જર, નરેશ ગઢવી, જશુબેન ઠકકર, દક્ષાબેન જાદવ, રીટાબેન, ગાયત્રી પરિવારની બહેનો તથા લાયન્સ કલબની બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં ગાયત્રી મંદિરના ચેરમેન રાજુભાઈ, બી.એસ. ઠકકર તથા મહેન્દ્રસિંહ બિહોલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# વૈષ્ણોદેવી સર્કલ પાસે ટ્રક પાછળ કાર ઘુસી જતા યુવતિનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર -સરખેજ માર્ગ પર વૈષ્ણોદેવી સર્કલ પાસે માર્ગ પર ઉભા રહેલા ટ્રક પાછળ ધડાકાભેર કાર અથડાતા કારનો ખુડદો બોલી ગયો હતો. જયારે કારમાં સવાર એક યુવતિનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયું હતું. જયારે કાર ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે અડાલજ પોલીસે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



મળતી માહિતી મુજબ મંગળવારની સાંજના સુમારે ઝુંડાલ થી વૈષ્ણોદેવી સર્કલ તરફ આવવાના માર્ગ પર ઉભી રહેલી ટ્રક પાછળ કાર ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં સવાર વૈભવી મૃદુલકુમાર શાહ (ઉ.વ.૩૩ વેજલપુર) નામની યુવતિનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયું હતું.

જયારે કાર ચાલકને ગંભીર ઈજાઓ થતા નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. બનાવને પગલે મૃતક વૈભવીના પિતરાઈ ભાઈ પરાગ જનકભાઈ બ્રહ્મભટ્ટની ફરીયાદના પગલે અડાલજ પોલીસે ઈટીઓસ કાર નંબર જી.જી.૦૧, એચ.વી.૫૭૦૦ ના ચાલક સામે ગુનો નોંધ્યો છે. જયારે યુવકના નિવેદન બાદ અકસ્માતનું સાચુ કારણ જાણી શકાશે.

# શહેરમાં ગણપતિજીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓની સ્થાપના થશે

## ગાંધીનગરના સેકટર-૧૬ના યુવાન મૂર્તિકાર વિજય મકવાણા તૈયાર કરી રહ્યા છે ગણેશજીની માટીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ

ગાંધીનગર, તા.૨૭

'ગણપતિ બાપ્પા મોરિયા'ના નારા નજીકના જ દિવસોમાં શેરીએ શેરીએ ગુંજી ઉઠશે કેમ કે દર વર્ષે સતત જેની લોકપ્રિયતા વધતી જાય છે તેવા ગણેશોત્સવ આડે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ તંત્ર દ્વારા પર્યાવરણના જતનને ધ્યાનમાં રાખીને પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓના ઉપયોગ સામે લાલ આંખ કરવામાં આવી રહી છે. જો કે છેલ્લા કેટલાક વર્ષોથી ગાંધીનગરના સેકટર-૧૬ના યુવાન વિજય મકવાણા શહેરમાં ગણેશજીની માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓ બનાવી શહેરના ગણેશોત્સવના આયોજકો માટે એક વિકલ્પ બની ઉભરી રહ્યા છે. આ વર્ષે પણ તેઓ ૧૬ ઈંચથી માંડીને ૫ ફુટની ઉંચાઈ ધરાવતી ગણપતિની માટીની મૂર્તિઓનું નિર્માણ કરી રહ્યા છે.



દર વર્ષે દશામાના વ્રત અને ગણેશ ઉત્સવ બાદ પીઓપીની મૂર્તિઓને નદી-તળાવોમાં વિસર્જન કરવાને કારણે જળ પ્રદૂષણની સમસ્યા સર્જાય છે અને જળચર જીવો માટે ઘાતક પરિસ્થિતિ નિર્માણ પામે છે. આ કારણે પીઓપીની મૂર્તિઓનો ઉપયોગ કરવાને બદલે માટીની મૂર્તિઓ જે પાણીમાં આસાનીથી ઓગળી જાય છે અને જળચર જીવોને નુકશાન નથી કરતી તેને સ્થાપિત કરવા શ્રધ્ધાળુઓને જનજાગૃતિ કાર્યક્રમો તથા જાહેરાતો થકી હાકલ કરવી પડે છે. વળી તે સાથે તંત્ર દ્વારા પીઓપીની મૂર્તિઓ વાપરવા પર પ્રતિબંધ અને દંડનીય જોગવાઈઓ વગેરેનો અમલ કરવો પડે છે. દિવસેને દિવસે વધતી જતી પર્યાવરણીય જાગૃતિના પગલે હવે શ્રધ્ધાળુઓમાં પણ માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓની સ્થાપના કરવાનું વલણ વધતું જાય છે જેથી માટીની મૂર્તિની માંગ વધતી જાય છે. માટીની મૂર્તિ બજારમાં ના મળી શકવાને કારણે પીઓપી મૂર્તિ ખરીદતા શ્રધ્ધાળુઓ માટે છેલ્લા કેટલાક વર્ષોથી વિજય મકવાણા સહિતના કારીગરો શહેરમાં આશાનું કિરણ બન્યા છે. તેઓ પોતાની બનાવેલી મૂર્તિમાં કેમિકલયુકત રંગો કે અન્ય કોઈ પણ પર્યાવરણને હાનિકારક ચીજવસ્તુઓનો ઉપયોગ નથી કરતા તેવો તેમનો દાવો છે.

### કેવી રીતે બને છે ઈકો-ફ્રેન્ડલી ગણેશ?

વિજય મકવાણા દ્વારા બનાવવામાં આવતી ગણેશજીની મૂર્તિઓમાં કાંપની કોરી માટી જેને 'રાડુ' કહેવાય છે, જે ચિકણી માટી તરીકે પણ ઓળખાય છે તેનો ઉપયોગ કરે છે. આ સાથે તેમાં તેઓ પેપર નેપકિન, ઘાસ, લાકડું વગેરે સાથે વોટર કલરનો ઉપયોગ કરે છે. આ મૂર્તિ સુકાય ત્યારે તેમાં જો તિરાડ પડે તો તેને કુદરતી ગુંદરથી સાંધી શકાય છે.

વિજય મકવાણા નાનપણથી પેઈન્ટિંગ તથા મૂર્તિ બનાવવાનો શોખ ધરાવે છે અને અત્યાર સુધી તેઓ પોતાની બહેન પાયલ મકવાણા સાથે મળીને ગણપતિની મૂર્તિઓ બનાવતા હતા. આ વર્ષે જો કે પાયલને અભ્યાસ અર્થે વિદેશના સ્ટડી વીઝા મળતા અત્રે ઉપલબ્ધ નથી પરંતુ આ કમી તેમની નાની બહેન હિરલ મકવાણા પુરી કરી રહી છે. આ વર્ષે ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલી હિરલ પોતાના ભાઈ વિજય મકવાણાને મૂર્તિના ફિનિશીંગ માટે રંગ રોગાન અને સાજ શણગારના કાર્યમાં મદદરૂપ નિવડી રહી છે. વિજય મકવાણા તેમની મૂર્તિઓ પોતાના સેકટર-૧૬માં ઈન્કવાયરી ઓફિસની લાઈનમાં આવેલા ૫૦/૧ નંબરના 'ચ' ટાઈપ આવાસમાં બનાવી રહ્યા છે. જેમનો સંપર્ક મો.નં. ૮૩૨૦૩ ૦૦૭૧૬ પર કરી શકાય છે. તેઓ કહે છે કે શહેરના ગણેશ ઉત્સવના આયોજકોને તેમની જરૂરિયાત મુજબની મૂર્તિ બનાવી આપવા સક્ષમ છે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● મિશન મંગલ
૯.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૨.૫૦, ૪.૫૦, ૫.૪૦, ૭.૪૦, ૮.૩૦, ૧૦.૩૦
● બાટલા હાઉસ
૧૦.૦૦, ૧૧.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
● મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)
૨.૩૦, ૧૦.૧૫
● ધ એંગ્રી બર્ડસ મુવી-૨
૩ડી હિન્દી-૯.૧૫, ૧૧.૩૦, ૧.૪૫, ૬.૧૫, ૮.૩૦

### સિટી પલ્સ કુડાસણ

● મિશન મંગલ
૧૨.૩૦, ૩.૦૦, ૭.૧૫, ૧૦.૦૦
● બાટલા હાઉસ
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
● મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)
૬.૩૦
● ધ એંગ્રી બર્ડસ મુવી-૨
૨-ડી હિન્દી ૫.૩૦
● ચાલ જીવી લઈએ
૧૨.૩૦
● ચાસની (ગુજરાતી)
૩.૩૦, ૯.૩૦

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● મિશન મંગલ
૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૪૫, ૧.૪૫, ૩.૩૫, ૪.૩૫, ૬.૨૫, ૭.૨૫, ૯.૧૫, ૧૦.૧૫
● બાટલા હાઉસ
૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫, ૧૦.૧૫
● મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)
૯.૪૫, ૬.૨૫, ૯.૧૫
● ધ એંગ્રી બર્ડસ મુવી-૨
૩ડી હિન્દી ૯.૦૦, ૧.૧૫, ૩.૩૦, ૮.૦૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● મિશન મંગલ
૧૦.૩૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૩૦
● બાટલા હાઉસ
૧૦.૦૦, ૧.૧૦, ૪.૨૦, ૭.૩૦, ૧૦.૪૦
● ચાસની (ગુજરાતી)
૯.૪૫
● મોન્ટુની બિટ્ટુ (ગુજરાતી)
૧૨.૦૦, ૬.૦૦
● ધ એંગ્રી બર્ડસ મુવી-૨
હિન્દી ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૫.૧૫, ૭.૩૦

# સે-૨૧ હવેલી ખાતે ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

જન્માષ્ટમી નિમિત્તે સે-૨૧ સ્થિત ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ચિત્ર હરિફાઈ યોજાઈ હતી. જેમાં કુલ ૪૦ બાળકોએ ભાગ લીધો હતો. ગ્રુપ-૧માં પ્રથમ ક્રમે અમાની મોદી, દ્વિતિય ક્રમે અર્ક કેવાણી, તૃતીય ક્રમે ધ્રુવીલ પટેલ, ગ્રુપ-૨માં પ્રથમ ક્રમે આયુષ ગાંધી, દ્વિતીય ક્રમે હેલી શાહ, તૃતીય ક્રમે બંસી અંસકડીયા આવ્યા હતા. વિજેતા બાળકોને શેતલ ગુણવંતભાઈ શાહ તરફથી ઈનામ આપવામાં આવ્યા હતા તેમ સંસ્થાના મંત્રી આર.જે. ગાંધી દ્વારા જણાવાયું છે.

### ચિરવિદાય

● સ્વ. પટેલ ડાહ્યાભાઈ ધનજીદાસ, ઉ.વ. ૭૫
● સ્વ. ગંગાબેન કાળાજી ઠાકોર, ઉ.વ. ૬૫
● સ્વ. પુંજીબેન પોપટભાઈ મકવાણા, ઉ.વ. ૬૭
● સ્વ. મહેન્દ્રકુમાર પ્રહલાદભાઈ દરજી, ઉ.વ. ૬૫
● સ્વ. શિવાજી આતાજી ઠાકોર, ઉ.વ. ૬૫
● સ્વ. શારદાબેન સતાજી ઠાકોર, ઉ.વ. ૪૦
● સ્વ. સીતાબેન નટવરલાલ મોદી, ઉ.વ. ૭૦
● સ્વ. ઠાકોર દશરથજી ગલાજી, ઉ.વ. ૪૦
● સ્વ. પટેલ સુરેશકુમાર ગોરધનભાઈ, ઉ.વ. ૩૪
● સ્વ. વાઘેલા કૃષ્ણપાલસિંહ ખુમાનસિંહ, ઉ.વ. ૫૦
● સ્વ. ડાભી નવુબા વરવાજી, ઉ.વ. ૯૩
● સ્વ. સોનીબેન જયસંગજી મકવાણા, ઉ.વ. ૧૧૦